ગાંધીનગર સમાચાર



## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*બોદા કાયદાથી સાહેબો 'લોન'માં મપાઈ જાય છે,*
*બેન્કોમાં મ્હાલે માલ્યાઓ મજૂરો કપાઈ જાય છે,*
*છપાઈ જાય છે બોગસ નિયમો બેન્કની પોથીમાં -*
*દબાણ અને કમીશનથી લોન અપાઈ જાય છે!*
*(ઠેર ઠેર માલ્યાઓ)*

હાઈકુ

*'જિલ્લામાં નથી!'*
*બ્હારથી જ આવે છે -*
*ભૂખ્યા દીપડા...*
*(વસતિ ગણતરી 'નીલ' રિપોર્ટ)*

*છે નેતાઓનો -*
*શિક્ષણને ક્રિકેટ,*
*સાઈડ ધંધો!!*
*(ડોનેસન ને સટ્ટો)*

## ચિંતન

**અર્થનાશં મનસ્તાપં ગૃહે દુશ્ચરિતાનિ ચ ।**
**વચનં આપમાનં ચ પાજ્ઞો નૈવ પ્રકાશયેત્ ॥**

ધનનો નાશ, મનની વ્યથા, ઘરમાં ખરાબ આચરણ, છેતરપીંડી અને અપમાને ડાહ્યા માણસે પ્રગટ ન કરવાં જોઈએ.

વડીલને ઘરનું છત્ર કહેવામાં આવે છે. છત્ર એટલે છાંકણ. ઘણીવાર જૂના સમયમાં 'બેસણાં' એવું કહેવાતું કે ઘરનું ઢાંકણ હતું બધાંને ઢાકી - સાચવી બેઠા હતા.

સારા વડીલ ઘરમાં પૈસાની કમી-ગરીબી કોઈને કળાવા દેતા નથી. ઘરમાં એકાદ વ્યક્તિ દુરાચારી હોય તો, તેના ચારિત્ર્ય અંગે પણ કોઈને ફરિયાદ કે જાણ થવા દેતા નથી. કોઈ ઠગ પરિવાર સાથે મોટી ઠગાઈ - છેતરપીંડી કરી ગયું હોય એમાં ઘરનું ખરાબ લાગે - આવી નાની નાની બાબતોનાં દુઃખ-આઘાતો મનમાં જ સહન કરી છુપાવી રાખે છે સાચા વડિલનાં આ લક્ષણ છે.

## સુવિચાર

- આપણે તો આપણી રીતે રહેવું, ખડક થવું હોય તો ખડક, નહીં તો નદીની જેમ નિરાંતે વહેવું - **સુરેશ દલાલ**
- તમારું ખુશ રહેવું એ જ તમારા દુશ્મનો માટે સૌથી મોટી સજા - **ચાણક્ય**
- વિચાર અને માન્યતાઓથી જયારે મન મુક્ત થાય પછી તે સક્રિય થાય છે - **કૃષ્ણમૂર્તિ**
- મારી વાણીનો અફસોસ મને ઘણીવાર થયો છે, મારા મૌનનો કદી નહીં - **સાયરસ**
- ન્યાય કરવો ઈશ્વરનું કામ છે, માણસનું કાર્યક્ષેત્ર દયા પૂરતું જ સીમિત છે - **ફ્રાન્સીસ**
- સુખ-દુઃખની દરેક અવસ્થામાં અનુકૂલન સાધવું એ જ જીવન જીવવાની સાચી કળા - **જીવનસૂત્ર**
- અનેક ઠોકર ખાધા પછી જો ઈશ્વરમાં શ્રદ્ધા ટકી રહે તેની પાસે નિરાશા કદી આવતી નથી - **અરવિંદ**
- આજનું ઔષધ : ટંકણખારને પાણીમાં ઓગાળી કોગળા કરવાથી મોં તથા જીભની ચાંદી મટે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

ચિત્તરંજનદાસ આપણા સ્વાત્ર્ય સંગ્રામના એક સેનાની હતા. 'દેશબંધુ' તરીકે ઓળખાતા હતા. આજે માલ્યા અને લલિત મોદી જેવા દેશના બેન્કનાં નાણાં સૂવડાવી વિદેશ ભાગી જાય છે. ત્યારે આવા દેશબંધુની પ્રામાણિકતાને યાદ કરી આઘાતમાં આશ્વાસન લઈ શકાય...

ચિત્તરંજનદાસના પિતાજીએ તેમના એક મિત્રને કોર્ટમાં જામીન બની પચાસ હજારના મુચરકા પર છોડાવ્યો. સમય ગયે - જામીનના રૂપિયા પચાર હજાર ભરવા પડે એવી પરિસ્થિતિ આવીને ઊભી રહી.

લોકો પાસે જમીન-જાગીર ગીરો મૂકી પૈસા લીધા - અને કોર્ટમાં ભરપાઈ કર્યા.

સમય જતાં મૃત્યુ પામ્યા અને કરેલી ઉધાર ચિત્તરંજન દાસે બધાને પાઈ-પાઈ ચૂકતે કર્યા - કોઈએ કહ્યું - લેણું તો તમારા પિતાજીનું હતું કાયદા દૃષ્ટિએ તમારી જવાબદારી થતી નથી.

ચિત્તરંજનદાસ કહે - જીવનમાં કાયદા કરતાં પણ 'પ્રામાણિકતા' વધારે પવિત્ર-પૂજ્ય બાબત છે.

# આસામનો વિજય બનશે ભાજપનું બ્રહ્માસ્ત્ર

આસામમાં પ્રથમ વાર સત્તાનાં સૂત્રો સંભાળતી ભાજપ સરકારના શપથવિધિમાં વડાપ્રધાન મોદીએ તમામ ભાજપ શાસિત રાજયોના મુખ્યમંત્રીઓ અને કેન્દ્રિય કૅબિનેટના વરિષ્ઠ સાથીઓ સહિત હાજર રહીને વિજયોત્સવની જ ઊજવણી કરી દીધી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કોઈ પણ પ્રસંગનો વધુમાં વધુ લાભ લેવાની કળામાં જાણતલ છે. એમણે આ પ્રસંગે પાર્ટીના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણીને પણ હાજર રાખી બતાવી દીધું કે જે સિદ્ધિ અટલ-આડવાણીની જોડી નહોતી મેળવી શકી તે પોતે એકલા હાથે મેળવી શક્યા છે. અલબત્ત, આસામમાં સત્તા મેળવવી એ ભાજપ માટે અશક્યવત્ બાબત હતી, પરંતુ બે વાર કોંગ્રેસને હરાવીને સત્તા હાંસલ કરનાર અને છેલ્લે દેવાળિયા જેવી સ્થિતિમાં હડસેલાઈ જનાર આસામ ગણપરિષદ પાસે 'વિજયનો કીમિયો' હતો. આ કીમિયો તે હિંદુ મતદારોનું ધ્રુવીકરણ, જે અપનાવવો તે ભાજપ માટે ડાબા હાથનો ખેલ હતો. સર્વાનંદ સોનોવાલ આસામ ગણ પરિષદ ગોત્રના જ નેતા છે. એમણે આસામના પ્રાદેષિક લોકનાયક તરીકેની ઓળખ મેળવી હતી તે પણ આસામમાં બાંગ્લાદેશીઓની ઘુસણખોરી સામેના ઐતિહાસિક આંદોલનના જ નેતૃત્ત્વ થકી. વધારામાં સર્વાનંદ આદિવાસી સમાજમાંથી આવે છે. આવા નેતાને ભારતીય જનતા પાર્ટીએ સમયસર પોતાની પાર્ટીમાં ભેળવી દઈ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી પૂર્વે ભાજપનું સંગઠન સોંપી દઈ ભવિષ્યમાં આસામ વિજયની લાઈન ક્લિયર કરી દીધી હતી. લોકસભામાં આસામમાં સાત બેઠકો પર વિજય મેળવી ભાજપે એના અંતિમ લક્ષ્યનો આગોતરો અણસાર આપી જ દીધો હતો. પરંતુ આ ગણતરીમાં કાચું ન કપાઈ જાય કે ઊંઘતા ઝડપાઈ ન જવાય તે માટે ભાજપની કેન્દ્રીય નેતાગીરીએ કુનેહપૂર્વક આસામ કોંગ્રેસના અસંતુષ્ટ નેતા અને ગોગોઈ મંત્રીમંડળના સિનિયર મંત્રી હેમંત બિશ્વ શર્માને પણ ભાજપમાં ભેળવી દીધા જેથી કોંગ્રેસનું મનોબળ તૂટી ગયું હતું. ઉપરાંત એકલા હાથે બધા વિસ્તારોમાં ચૂંટણી લડવા કરતાં સ્થાનિક રાજકીય પરિબળો - આસામ ગણ પરિષદ અને બોડોલેન્ડના પ્રતિનિધિઓ 'બીપીએફ' સાથે રાજકીય જોડાણ કરી કોંગ્રેસ સામે એક મજબૂત મોરચો ઊભો કરવામાં ભાજપ સફળ રહ્યું હતું. આખરે પંદર વર્ષથી એકચક્રી શાસન ચલાવતા તરુણ ગોગોઈનો ગઢ તોડી પાડવામાં ભાજપને ધારી સફળતા સાંપડી, જે એના માટે દેખીતી રીતે ઐતિહાસિક વિજય છે. આ ઐતિહાસિક વિજયોત્સવનું નેતૃત્વ કરવા ઈરાનયાત્રાએથી પરત ફરેલા વડાપ્રધાન ઉતાવળે દોડી આવ્યા અને ચૂંટણી ટાણે જે ઝેરીલાં કટાક્ષપૂર્ણ ભાષણો કરતાં રહ્યા હતા એથી તદ્દન ઊલટું એક સારા વિજેતા શાસકને છાજે એવી શાલિન ભાષામાં

### તંત્રીસ્થાનેથી...

ઉદ્‌બોધન કર્યું. ભાષણની શરુઆત અને અંત અસમિયા ભાષાનાં વાકયોથી કરી ઈંદિરા ગાંધીની શૈલીમાં મેદનીની વાહવાહી મેળવી. પરાજિત કોંગ્રેસના નેતા પૂર્વ મુખ્યમંત્રી તરુણ ગોગોઈ પોતે આ સભામાં હાજર રહ્યા તે એમની મહાનતા દર્શાવે છે. કદાચ એમની હાજરીએ જ મોદીને કોંગ્રેસ વિરોધી ચાબખા મારવાની જૂની અને જાણીતી કુટેવથી વેગળા રાખ્યા હોય એમ પણ બને! સર્વાનંદ સોનોવાલ હવે ભાજપ માટે એક રાષ્ટ્રીય અસ્કામત બની ગયા છે. આદિવાસી સમાજના નેતાને અમે આસામમાં મુખ્યમંત્રી પદે બેસાડ્યા છે, એમ કહી ભાજપ હવે સર્વાનંદના નામે દેશભરના આદિવાસી વિસ્તારો ઘમરોળશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે એમની કારકિર્દીનાં બે વરસની સૌથી મોટી સિદ્ધિ તે આસામ વિજય છે. આસામમાં ઝળહળતો વિજય હાંસલ કરીન એમણે દિલ્હી અને બિહારમાં કરવી પડેલી પીછેહઠનું કલંક મહદંશે ધોઈ નાખ્યું છે. ભવિષ્યમાં આવનારી ઉત્તરપ્રદેશ અને ગુજરાતની ચૂંટણી વખતે પણ આસામ વિજયનો મુદ્દો પ્રજામાં ભાજપ તરફી વાતાવરણ સર્જવા માટે ખપ લાગશે એમાં શંકાને સ્થાન નથી.

# અપેક્ષાથી મુક્ત, સ્વતંત્ર નિર્બંધ પ્રેમ



ગુલમોર

દિનેશ દેસાઈ

તેરમી સદીમાં ઈસ્લામિક વિચારધારાનો સુવર્ણકાળ ચાલી રહ્યો હતો ત્યારે થઈ ગયેલા પર્શિયન કવિ, ન્યાયવિદ્, ઈસ્લામિક સ્કોલર અને સૂફી રહસ્યવાદમાં અખુટ શ્રદ્ધા ધરાવનાર મહાન વિચારક જલાલુદ્દીન મુહમ્મદ રુમિ (૧૨૦૭-૧૨૭૩)એ પ્રેમ-વિચારને આગવી ઊંચાઈ બક્ષી છે. તેઓએ કહ્યું છે કે "પ્રેમ જીવનને સમગ્રપણાથી ભરી દે છે. જેના જીવનમાં પ્રેમ નથી, તેનું જીવન તો જીવન જ નથી. પ્રેમને વ્યક્ત થવા દો અને પ્રેમની અનુભૂતિ માણો. જીવનમાં પ્રેમને વહેવા દો, પ્રેમના ઝરણાંના પ્રવાહને રોકો નહીં. જો રોકવા પ્રયાસ પણ કરશો તો એ પ્રવાહ પોતાનો રસ્તો આપોઆપ કરી લેશે."

રુમિએ લખ્યું છે કે "જ્યારે આપણે પ્રેમ, દયા અને કરુણાથી વર્તવાનું શરુ કરી દઈએ છીએ ત્યારે એનો સૌથી પહેલો ફાયદો આપણાથી જ શરુ થતો હોય છે. જ્યારે તમે દીવડો બનીને કોઈકના જીવનમાં પ્રકાશ રેલાવો છો, જ્યારે તમે કોઈ માટે લાઈફબોટ બનીને જીવનદાન કરો છો કે પછી કોઈક યાચક માટે નિસરણી બનીને મદદગાર બનો છો, ત્યારે તમે સામી વ્યક્તિના હ્રદય અને આત્મા સુધી પણ પહોંચી જાઓ છો. એક વાર તમે કોઈક માટે ઘરેથી ચાલી નીકળો તે પછી જ તમને જીવનમાં પ્રેમનો અહેસાસ થશે. પ્રેમ આપણને સમગ્રતયા, સંપૂર્ણતા બક્ષે છે, પ્રેમ વિના તો આપણે ક્ષત-વિક્ષત જ છીએ."

રુમિને એક વાર તેમના સૂફી શિષ્યએ પૂછ્યું કે "ક્ષમા એટલે શું?"

આ સાંભળીને રુમિએ સરસ જવાબ આપ્યો કે "ફૂલોને જ્યારે મસળી અને કચડી નાખવામાં આવે છે ત્યારે પણ એ ફૂલો પોતાનું સુવાસ આપવાનું કાર્ય છોડતા નથી અને પ્રથમ જેવી જ સુવાસ આપતા રહે છે, એનું નામ ક્ષમા. ફૂલો કદી એવું વિચારતા નથી કે પોતાને કચડનાર યા મસળનારને સુવાસ ન આપવી. સુવાસ એ જ ફૂલોનું જન્મજાત કર્તવ્ય અને જન્મજાત સ્વભાવ પણ છે."

**જેવો વ્યવહાર તમે બીજા સાથે કરો છો, એવો જ વ્યવહાર બીજા પણ તમારી સાથે કરે એમ માનવું એટલે અપેક્ષા, સંબંધમાં જ્યારે તમે સામી વ્યક્તિ પાસે રાખેલી આવી અપેક્ષા પુરી થતી નથી, ત્યાંથી જ તમારા દુઃખની શરુઆત પણ થઈ જતી હોય છે, જો તમે આવી અપેક્ષા સામી વ્યક્તિ તરફ વ્યક્ત કરશો તો શક્ય છે કે તમારી ગણતરી સ્વાર્થી તરીકે પણ થાય**

અપેક્ષાથી મુક્ત, સ્વતંત્ર અને નિર્બંધ પ્રેમ એટલે શું? એનો જવાબ પણ રુમિએ ફૂલના દ્રષ્ટાન્તથી આપ્યો છે. જેવો વ્યવહાર તમે બીજા સાથે કરો છો, એવો જ વ્યવહાર બીજા પણ તમારી સાથે કરે એમ માનવું એટલે અપેક્ષા. સંબંધમાં જ્યારે તમે સામી વ્યક્તિ પાસે રાખેલી આવી અપેક્ષા પુરી થતી નથી, ત્યાંથી જ તમારા દુઃખની શરુઆત પણ થઈ જતી હોય છે. જો તમે આવી અપેક્ષા સામી વ્યક્તિ તરફ વ્યક્ત કરશો તો શક્ય છે કે તમારી ગણતરી સ્વાથી તરીકે પણ થાય. પરંતુ જો તમે આવી કોઈ અપેક્ષા જ નહીં રાખો કે વ્યક્ત પણ નહીં કરો તો તમે ખુબ સારી વ્યક્તિ સાબિત થશો.

સંબંધમાં કોઈ પણ જાતની અપેક્ષા રાખ્યા વિના સામી વ્યક્તિને સ્વતંત્ર રીતે વ્યવહાર કરવા દેવામાં આવે, એ પણ સંબંધની તંદુરસ્તી માટે જરુરી છે. સામી વ્યક્તિએ તમારી સાથે કે અન્ય કોઈ પણ વ્યક્તિ સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ, એવી સલાહ યા માર્ગદર્શન આપવાનું કે એવી ચિંતા કરવાનું કામ તમારે માથે શા માટે લેવું જોઈએ? સામી વ્યક્તિને પણ કોઈ બંધન વિના ઝરણાંની જેમ નિર્બંધ વહેવા દો. જો એનામાં તમારા પ્રત્યેનો લગાવ હશે તો એનો વહાવ (બહાવ) અને ઝુકાવ તમારા તરફ રહેશે, નહીં તો ઝરણું ફંટાઈ જશે, પ્રવાહ અને વહેણ એનો માર્ગ કરી જ લે છે. સંબંધને પણ મુક્ત યાને સ્વતંત્ર, નિર્બંધ વહેવા દઈએ, એ પછી જ એના સાચા, યથાર્થ સ્વરુપનો આપણને પરિચય થાય છે.

મેળવવા કરતા આપવાનો આનંદ અનેકગણો વધારે છે. કવિ મકરંદ દવેએ લખ્યું છે એમ "ગમતાનો કરીએ ગુલાલ..." કોઈ પણ સંબંધમાં અપેક્ષા જ દુઃખની જનની છે.

**અનુસંધાન પાના નં. ૧૧ પર**

# કાળઝાળ ઉનાળાની કવિતા



મનના ઉમંગો

રણછોડ પરમાર

આજકાલ ગરમી કાળો કેર વર્તાવી રહી છે એમ કહેવામાં કશી અતિશયોક્તિ નથી. એવો. બળબળતો તાપ વરસી રહ્યો છે, બપોરના બાર વાગ્યે, ખુલ્લા આકાશ હેઠલ ચૂલો ગોઠવી, તાવડીમાં બાજરીનો રોટલો શેંકવા નાખ્યો હોય તો તાવડી તળિયે દેવતા સળગાવવાની કશી જરુર પડે નહીં. મારી આ વાતમાં તમને કદાચ થોડીક અતિશયોક્તિ લાગે તો માફ કરજો પણ એક બે કલાક બાજરીના લોટને જો આ લાહ્યલાહ્ય તડકામાં તપવા મૂક્યો હોય તો તેમાં તલભાર પાણી બચે ખરું? છાંયડામાંથી નીકળી તડકામાં પાર્ક કરેલી ગાડીમાં ગૂસો છો ત્યારે કોઈ ઓવનમાં પેઠા હોવ એવું નથી લાગતું? આવા ખુલ્લામાં પડેલા બાઈક ઉપર અચાનક બેસી જતાં કેવો ચમકારો થઈ જાય છે?

આખો દિવસ ગરમ ગરમ વાયરા વીંઝાય છે. ઘરમાંથી બહાર નીકળવાનું મન થતું નથી. મન એટલું બેચેન થઈ જાય છે કે કશું વાંચવા લખવાનું મન થતું નથી. આવી ગરમીની, આવા ઉનાળાની, આવા ભડકાઉ તડકાની કવિતા લખવામાં આવે તો કેવી લખાય? આપણે ત્યાં વસંતના, વર્ષાના, હેમંત અને શરદના ગણ્યા ગણાય નહીં એટલા બધા કાવ્યો લખાયેલા છે. ઉનાળા વિશે પણ ઘણા કાવ્ય લખાયા છે. ઉમાશંકરે તો ત્યાં સુધી કહ્યું છે કે જ્યાં સુધી કવિ ઋતુનું એકાદ ગીત ન લખે કે એકાદ કાવ્ય ન લખે ત્યાં સુધી એને હું કવિ ન કહું. ખુદ ઉમાશંકરે ગ્રીષ્મ ગીતા નામની એક દીર્ઘકવિતા લખી છે. એ આખી ઉતારીએ તો આ લેખમાં મારું નામ લખવાની યે જના ન રહે. અહીં તમે એનો ઉપાડ જુવો.

વિરમતા સૌ સ્વર મૃદુલ કોમલ, વસંતલ્ ફાગના,
જાગ્યા અનાહતનાદ સહસા મત્તવ્યાં વૈરાગના!
જટાજૂટ વિખેરતો જોગી ઉનાળો આવિયો,
નાખ્યા અડિંગા લીમડા નીચે, મુકામ ન એક એ એને ભલેરો ભાવિયો.

જયંત પાઠકે 'ઉનાળાની ઉડભંગ ક્ષણોમાં' એટલું સરસ કાવ્ય લખ્યું છે કે તમે એની પહેલી જ લીટી વાંચો ને આખેઆખું કાવ્ય વાંચવાનુંમ ન થઈ જાય. સાભળો -

જપમાં ઊભાં ઝાડ અને આ તપમાં બેઠા પ્હાડ
ચકલું યે ના ફરકે, જાણે ધોળે દિવસે ધાડ!

સાચે જ આ દિવસોમાં જો ભરબપોરે શહેરમાં નીકળ્યા હોઈએ તો આખું નગર કરફ્યું નાખ્યો હોય એવું સૂમસામ જોવા મળે. સરકારના કરફ્યુમાં ગાય-કૂતરાં-ચકલા-કબૂતર વગેરેને બહાર નીકળવા મળે છે પણ આ સરમુખત્યાર સૂરજના કરફ્યુમાં તો ચકલું યે બહારના ફરકી શકે! રતિલાલ 'અનિલ' દ્વારા લખાયેલી 'ઉતરતી ગ્રીષ્મ' નામની કવિતામાં ધરતીનું વર્ણન કેવું કર્યું છે -

સર્વ આભૂષણો ત્યાગીને હોય શું કોઈ વૃદ્ધા ઊભી મ્લાન વેશે,
વિણ-હરિયાણી આ ભોમકા એહવી શુષ્ક વેરાન ને શૂન્ય દીએ.
ભોમ ધૂળે ભરી ગ્રીષ્મ-તાપે તપી, રુક્ષ કો યોગીના કેશ સરખી,
દિવસભર આભથી નેત્રને બાળતી પીતવરણી રહે આગ વરસી,

નિરંજન ભગતે 'ગ્રીષ્મ-મધ્યાહ્નમાં' આ તપ્ત ધરતી વિશે કેવું લખ્યું છે?

તપ્ત ધરતી હતી,
ભાનુની દૃષ્ટિના ભર્ગથી ભાસ્વતી
સૃષ્ટિ સારીય તે ભસ્મવરણી હતી.

રાજેન્દ્ર શાહે 'આયોજી વૈશાખ લાલ આયોજી રે,' એવું સુંદર ગીત લખ્યું છે. રાજેન્દ્ર તો શાંત કોલાહલના કવિ કાળઝાળ અને આપણે વાત માંડી છે કાળઝાળ ઉનાળાની એટલે એમને પ્રમાણ કરીને આગળ વધીએ. માધવ રામાનુજ 'કોમળ કોમળ'ના કવિ, છતાંય તેમની 'બપ્પોર' કવિતાની વાત કર્યા વગર રહેવાશે નહીં.

સાંતીડે બપ્પોર ચડે
ને ભૂખ્યો સૂરજ
બળદ તણી ખાંધેથી ઊતરી
બાવળના કંજૂસ છાંયડે
ટીમણ કરવા જાય.

જુનિયર કે.જી.થી. અંગ્રેજી માધ્યમમાં ભણેલા યુવાનને આ સાંતીડે, ખાંધેથી, ટીમણ જેવા શબ્દો તો કોઈ બીજા મલકની ભાષા સાંભળતો હોય એવું લાગે, અરે ગુજરાતીમાં થોડાકે હોંશિયાર હોય તો બપ્પોર શબ્દમાં ય એને જોડણીની ભૂલ દેખાય. આવા સમયે આપણો આધુનિક કવિ ઉનાળાની કવિતા લખવા બેસે તો કેવી કવિતા લખાય? એક સંતોષની વાત એ છે કે આપણો આધુનિક સાહિત્યકાર પણ પેલાં 'એનાં એ ગામડાં'થી બહુ આઘો જઈ શક્યો નથી. એના ભાષાકર્મમાં ગામડું અને એની વાતો એવી ને એવી જ આવે છે. ભરત નાયક અને ગીતા નાયક ગદ્યપર્વમાં જે કામ કરી રહ્યા છે તેને ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં માનભેર સ્થાન આપવું પડે તેવું છે. ગદ્યપર્વના નાયક અહીં એક પદ્યકર્મ લઈને હાજર થયા છે, જેને વાંચ્યા પછી ગમી જાય તો 'વાહ, ભાઈ વાહ!' કહ્યા વગર રહેતા નહીં હો!

***આ સમાચારપત્રના પાના પર આપણી પહેલી મુલાકાત થઈ હતી, તે વાતને એક વરસ પૂરું થવાના ફક્ત બે દિવસ બાકી છે. આપે મને આટલા બધા દિવસ સુખેદુઃખે વાંચ્યો અને સહન કર્યો એ માટે આપનો ખરેખર આભારી છું.***

ઉનાળો

સૂરજ ફૂટ્યો
પછી ભડકો જાગ્યો
એણે પવન પેટાવ્યો
પછી નદી ઉકળવા લાગી
માછીમાર હલેસાં લઈ ભાગ્યા
કાંઠાની ઊની રેતીમાં તગતગ માછલીના ઢગ મીણ થયાં
ખેડૂતની તતડેલી પીઠ પરના પરસેવા છમ વરાળ થયા
ડાઘુ ચેહ છાંડી લીમડાની છાંયડીએ ચોંટ્યા
લુહારની ધમણ ફૂટી, દાતરડાને તણખા ઊડ્યા
સોની આખો પીગળી લગડી થઈ ગયો
પછી સોનારણ રહરહ આંસુડે ઊભી બજાર દોડી
દરજણ થીંગડાંમાં લપાઈ
ખાણિયા છરાથી ચાકરીના કકડા થયા
ને નગરજન રંધાઈ ગયા
પછી ચીમનીના ધુમાડા ફેલાઈ પણ ગયા
ડહોળા કાગળ પર જાળ બિજાવી બેઠો'તો કવિ :
એમાં ભાંગેલા હલેસાં, કરચલાનાં ખોખાં,
જળસમાધિ લીધેલી નવવધૂની ચૂંદડીના ચીર સપડાઈ ગયાં
પછી વૈશાલી સૂરજ કોયલો થઈ ફસડાઈ પડ્યો -
એની ભસ્મથી ધરતી ઢંકાઈ ગઈ!

\- ભરત નાયક

# પ્રભાવ સારો હોય તેના કરતાં સ્વભાવ સારો હોય તે વધુ જરૂરી છે



લાગણીનો મેળો

રસિક વાળંદ

"હૈયે તો છું પણ હોઠેથી ભુલાઈ ગયેલો માણસ છું.
હું મારા ડાબા હાથે ક્યાંક મુકાઈ ગયેલો માણસ છું.
\- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

આજે શિક્ષણ એક ઉદ્યોગ બની ગયો છે... શિક્ષણની હાટડીઓ ખુલતી જ જાય છે. સરકારી ચોપડે સાક્ષરતાનું પ્રમાણ વધતું જતું નોંધાય છે. સૌ ખુશ છે! આપણે ત્યાં શિક્ષણ મેળવેલ વ્યક્તિ માટે "સાક્ષર" શબ્દ પ્રયોજાય છે. પરંતુ ખરી રીતે તો સાક્ષર એટલે સ-અક્ષર. અક્ષર સાથેનું. વાંચવા લખવાની આવડત ધરાવનારને સાક્ષર કહેવાય. આજે અક્ષર જ્ઞાન વધ્યું છે. છતાં કવિ શ્રી સુરેશ દલાલના શબ્દોમાં "ભણેલા માણસો આટલા અભણ કેમ?" આ ભણતરના ભ્રમનો પ્રશ્નાર્થ પ્રત્યેકના મનમાં ખડો છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સાક્ષર હોય એ શિક્ષિત ન હોય એવું પણ બને-ને-શિક્ષિત-હોય એ કદાચ સાક્ષર ન પણ હોય! આપણે ત્યાં 'ભણેલા-ગણેલા' શબ્દ સહેતુક પ્રયોજાય છે.

બહારથી અપ-ટુ-ડેટ જણાતા ભણેલા લોકોના વર્તન વ્યવહારો સામાન્ય જણને શરમિંદા બનાવે એવું પણ જોયું છે. અરે, રસ્તે જતાં ગમે ત્યાં ઉભા ર્હી બેધડકપણે પેશાબ કરનારા નબીરાઓથી કોણ અજાણ છે?! તો બીજી તરફ મેલાં ઘેલાં વસ્ત્રોમાં લપેટાયેલી ગરીબાઈનું શાલિનતાભર્યું જીવન વંદન ને પાત્ર પણ હોય છે. ભણતર અને ગણતર એ તો એક સિક્કાની બે બાજુઓ છે. બંનેનું હોવું એ અનિવાર્ય હોય છે. ભણતર-ગણતરથી ઘડાયેલું વ્યક્તિત્વ જ આદર્શમાનવ્ય ગણાય. આપણે જે ગણતરની ચર્ચા કરીએ છીએ તે ગણતર એટલે જે આજીવિકા રળવા સક્ષમ હોય, સારાસારનો ભેદ પારખી શકે, સારું નાગરિકપણું હોય, નૈતિક રીતે ગુણવાન હોય, વિવિધ વિષયોનું જ્ઞાન પણ ધરાવતો હોય, શારીરિક,માનસિક,સામાજિક,ધાર્મિક - આધ્યાત્મિકતાની બાબતમાં સક્ષમ-સશક્ત હોય. ભાવનાપ્રધાન હોય ને ચારિત્ર્યવાન પણ હોય. પોતાની સંસ્કૃતિનું માન જાળવે - સન્માન, સંરક્ષણ ને સંવર્ધન કરવાની અનોખી આવડત હોય. આવા અનેક ગુણ વિશેષો ધરાવનાર જ શિક્ષિત કહેવાય. ઘણીવાર લોકો કહેતા હોય છે, "ભણેલા છે છતાં આવું કર્યું?" આમ ઘણીવાર એકાદ ગુણની ગેરહાજરી એના શિક્ષિતપણા સામે પ્રશ્નાર્થ કરી આંગળી ચીંધતી હોય છે. શિક્ષણનો મતલબ જ એ છે કે ક્ષણે ક્ષણ કઈક નવું શીખવી જાય. આવી શિક્ષિત વ્યક્તિતો અધૂરપની પૂર્તતા કરે. એની પાસે સમાજ અને દેશ સવિશેષ અપેક્ષાઓ રાખે છે. આ અપેક્ષાઓમાં પાર ઊતરનાર જ સાચો શિક્ષિત ગણાય. પરંતુ વાસ્તવજગતમાં આવું ક્યાંય નજરે ચડે છે ખરું?! તેથી જ કવિ શ્રી અમૃત ઘાયલ કહે છે.

"અહી માનવીની જ ચોમેર વસ્તી,
અને માનવી ક્યાયે નજર ચડે ના."

વળી કવિ શ્રી મનોજ ખંડેરિયા તો એવું લખે છે;

"નવરા બેઠેલા ઈશ્વરનો
એક રૂપાળો તુક્કો માણસ"

આ નરી વાસ્તવિકતાનો આપણા બધાનો અનુભવ પણ છે કે ભણેલા કરતાં કહેવાતા અભણ પર ભરોસો મૂકી શકાય. પરંતુ પેલા ભણેલા તો 'સાક્ષરા વિપરિતઃ ભવતિ રાક્ષસાઃ' જેવો ઘાટ તમામ ક્ષેત્રે જોવા મળે છે. વધુ ભણેલા ગણાતા લોકોને અશિસ્ત આચરતા મેં જોયા છે. વિજ્ઞાને દુનિયાને સાંકડી બનાવી તો ખરી પરંતુ માનવી હજુ બીજા માનવીથી જોજનો દૂર છે. તર્કશીલ બન્યો ખરો પરંતુ સંવેદના ગુમાવી ચૂક્યો છે. પરિણામે કસાઈ કરતાં પણ ખૂબ બૂરી રીતે પોતાની આવડતના જોરે લોકોને નફફટાઈપૂર્વક ચૂસતા જોયા છે! કદાચ માણસના હાથ ટૂંકા હશે કે કાયદામાંથી છટકી જશે પરંતુ કુદરતનો કાયદો નિરપવાદ કામ કર્યે જાય છે. 'જૈસી કરણી વૈસી ભરણી' - ભોગવ્યે છૂટકો!

મિત્રો, મૈત્રેયી દેવી નામનાં એક બંગાળી લેખિકા થઈ ગયાં. તેમણે એક નવલકથા લખી છે. નવલકથાનું નામ છે 'ન હન્યતે' આમ તો નવલકથાના સ્વરૂપમાં એ આત્મચરિત્ર છે. એમાં મૈત્રેયીદેવીએ પોતાના વિદ્યાથીકાળનો એક પ્રસંગ નોંધ્યો છે.

મૈત્રેયી દેવી બી.એ.ની પરીક્ષા આપવાનાં હતાં તેમણે અભ્યાસ કોલેજમાં જઈને નહોતો કર્યો. તેઓ External - બહારથી પરીક્ષા આપવાનાં હતાં. તેમના પિતા યુનીવસીટીમાં સંસ્કૃત અને તત્વજ્ઞાનના અધ્યાપક હતા. તેથી તેમણે પિતાજી પાસે જ સંસ્કૃતનો અભ્યાસ કર્યો. પિતાજીએ પણ ખૂબ કસીને અભ્યાસ કરાવ્યો. પરીક્ષા આવી.

પૂરી પણ થઈ. પરીક્ષા આપીને મૈત્રેયી દેવી ઘેર આવ્યાં ત્યારે પિતાજીએ પૂછ્યું પ્રશ્નપત્રો કેવાં હતા ઉત્તરો સારા અને સાચા હતા. પણ વાતચીત દરમિયાન પિતાજીએ પૂછ્યું; "પરીક્ષા પૂર્વે કલ્પના આવી હતી કે પરીક્ષામાં શું પૂછાશે?" મૈત્રેયી દેવીએ કહ્યું એવી તો જરાયે કલ્પના નહોતી આવી કે એવો વિચાર પણ નહોતો કર્યો. દોસ્તો, અહી વાત એ હતી કે બી.એ.ની પરીક્ષાના સંસ્કૃત વિષયના પેપરસેટર અને ચેરમેન મૈત્રેયી દેવીના પિતાજી પોતે જ હતા. અને એ વિષયનો અભ્યાસ કરાવનાર પણ તેઓ જ હતા. તેમ છતાં મૈત્રેયી દેવીને અણસાર પણ નહોતો આવ્યો કે પરીક્ષામાં શું પૂછાશે. આ હકીકતનુંપિતા-પુત્રી બંનેને ગૌરવ હતું. આજે આવો સંયોગ રચાય તો?!! આજે તો પિતા પરીક્ષક હોય તો પુત્રને પરીક્ષામાં લાભ થાય જ એમાં કોઈને કશું અસ્વાભાવિક કે ખોટું પણ લાગતું નથી? ઊલટાનું આવું હોયને જો લાભ ન લે એ બેવકૂફ ગણાય, વેદિયો ગણાય, સિધ્ધાંતનું પૂંછડું ગણાય. વ્યવહારુ બુદ્ધિ એનામાં નથી એમ ગણાય. આપણે પણ કહીએ છીએ કે આજે આવી પ્રામાણિકતા ન ચાલે. આપણને એનાથી સરવાળે નુકશાન થાય. તેથી કહેવાય છે કે "સીધા ઝાડને, સીધા માણસને લોકો પહેલો ઘા કરે છે!" સૌ બૂમો પાડે છે કે સામાજિક સ્થિતિ બગડી ગઈ છે, ભ્રષ્ટાચાર ફૂલ્યોફાલ્યો છે. દેશનું શું થશે?!! આવી કાગારોળ કે મગરનાં આંસુ સારવાનો શો અર્થ?!!! આ માટે તો ચૂપચાપ પોતાનાથી આરંભ આદરવો પડે. આખો દરિયો ખરો થયો હોય ને એમાં આપણી મુઠ્ઠી ખાંડ ઠાલવવાથી ગળ્યો થાય ખરો?! આવા અવાસ્તવ પ્રશ્નો કરી મનને મારી ન નાંખો. ભલે ને ચોતરફ ફાયદો, કાયદો ને વાયદાનો વેપાર ફૂલ્યો ફાલ્યો હોય. આપણી સગી આંખે જોઈએ છીએ ખરા કે પિતા ન્યાયાધીશ હોય તો વકીલ બનાવામાં ફાયદો, પિતા પરીક્ષક હોય તો પરીક્ષા આપવામાં ફાયદો, પિતા એસ.ટી. કે રેલવે કર્મચારી હોય તો મુસાફરી કરવામાં ફાયદો, પિતા સરકારી અધિકારી હોય તો ધંધો કરવામાં ફાયદો, પિતા પ્રધાન હોય તો કોન્ટ્રાક્ટર બનવામાં ફાયદો - આવી ગણતરીઓથી વ્યવહાર ભલે ચાલતો હોય. એક કવિએ કહ્યું છે ને;

'પેખી ચલગત પારકી, અમથો અંતરબાળ,
કરશે તે ભોગવશે, તું તારું સંભાળ.'

એ પણ હકીકત છે કે પ્રમાણિક બનવામાં સહન પણ કરવું પડશે ને નુકશાન પણ વેઠવું પડશે. પરંતુ એમ કરવામાં ગૌરવ અનુભવો, એના સાત્વિક આનંદનો અનુભવ કરતાં શીખો.આ બધું કઈ કથાવાર્તા,ગીતો કે ઉપદેશકથાઓથી ન થાય, પરિવારના વૈચારિક અને ભાવનાત્મક વાતાવરણથી શક્ય બને. ખાસ કરીને તો ઘરના વડીલો જે પ્રમાણે આચરણ

**અનુસંધાન પાના નં. ૧૧ પર**